પરિશિષ્ટ-૪

ગીર અભયારણ્યની પ્રવાસીઓ દ્વારા મુલાકાત

★ 15/4/1720 શ્રી ઉદય કાનગડ (રાજકોટ પૂર્વ): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીર અભયારણ્યની કેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ગીર અભયારણ્યની ૧,૯૩,૪૧૫ પ્રવાસીઓએ મુલાકાત લીધેલ. |
| (૨) તે પૈકી ભારતીય પ્રવાસીઓ અને વિદેશી પ્રવાસીઓની સંખ્યા કેટલી છે, અને | (૨) પ્રવાસીઓ: ભારતીય – ૧,૮૬,૯૧૮; વિદેશી – ૬,૪૯૭ (પ્રવાસીઓની સંખ્યા) |
| (૩) આ પેટે સરકારને કેટલી આવક થઇ છે? | (૩) રૂ.૪,૯૨,૦૦,૩૫૦/- |

(૨)

| પ્રવાસીઓ | પ્રવાસીઓની સંખ્યા |
|---|---|
| ભારતીય | ૧,૮૬,૯૧૮ |
| વિદેશી | ૬,૪૯૭ |

ક્રમાંક:વસપ/૧૦૨૦૨૪/તા.પ્ર.-૧૯/૬બલ્યુ
વન અને પર્યાવરણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.:- ૧૪/૨/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા,
સચિવાલય, ગાંધીનગર.

તેઓશ્રીના તારીખઃ ૦૧/૦૨/૨૦૨૪ના પત્ર અન્વયે જરૂરી કાર્યવાહી સારું (વધારાની ત્રણ નકલો સાથે)

(મનીષ મોદી)
સંયુકત સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

**નકલ રવાના:**

૧. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(HoFF), અરણ્ય ભવન, સેકટર-૧૦,ગાંધીનગર.
૨. સંકલન શાખા, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. સિલેકટ ફાઇલ

# અગ્રતાક્રમાંક.૦૪

શ્રી ઉદયભાઈ કાનગડ (રાજકોટ પૂર્વ)

**પ્રશ્ન –**

**ગીર અભયારણ્ય ખાતે પ્રવાસીઓ માટે સરકાર દ્વારા શું સગવડો કરવામાં આવેલ છે?**

**જવાબ –**

પ્રવાસીઓ માટે ગીર અભયારણ્ય ખાતે વિવિધ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે. જેવી કે,

| ક્રમ | સ્થળનું નામ | સુવિધા |
|---|---|---|
| ૧ | સાસણગીર ખાતે | સિંહ સદનમાં રીસેપ્શન સેન્ટર, સોવેનિયર શોપ, ઈન્ટરપ્રિટેશન ઝોન, વુડ ગઝીબો, એકસીસ્ટીંગ ગઝીબો, પાથવે, પાર્કિંગ સિંહસદન ની સુવિધા. |
| ૨ | નેચર કેમ્પસાઈટ ખાતે | ઈન્ફોર્મેશન કીયોસ્ક, કીચન એરિયા, હેન્ડવોશ એરીયા, ડાઈનીંગ હોલ, પાઠશાળા, ઓપન લાઈબ્રેરી, બોયસ અને ગર્લ્સ ડોરમેટ્રી, ટીચર્સ ટેન્ટ, ઓવરહેડ વોટર ટેન્ક, પાર્કિંગ. |
| ૩ | ગીર આર્બોરિટમ ખાતે | સોવેનીયર શોપ, ટ્રેનીંગ સેન્ટર, રીસેપ્શન, ગઝીબો, વોટર કાઉન્ટર, પાર્કિંગ, ચીલ્ડ્રન પ્લે એરિયા |

# અગ્રતાક્રમાંક.૦૪

શ્રીમતી હર્ષિદાબેન શાહ (રાજકોટ પરિષદ)

**પ્રશ્ન –**

**ગીર અભયારણ્ય પ્રવેશ પરમીટની આવક ક્યાં જમાં કરાવવામાં આવે છે અને તે રકમ કયા કામોમાં વાપરવામાં આવે છે?**

**જવાબ –**

- ગીર અભયારણ્ય અને ગીર પરીચય ખંડ મુલાકાત ફી ની આવક **ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટી, જુનાગઢ**માં જમા કરવામાં આવે છે.
- ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટી, જુનાગઢમાં જમા કરવામાં આવેલ રકમ મુખ્યત્વે સિંહ સંરક્ષણ અને સંવર્ધનનના કામો ઉપરાંત સિંહ સ્વાસ્થ્ય, વન્યજીવ બચાવ અને રાહત કાર્યોમાં અને વીઝીટરોની પ્રાથમિક સુવિધાના કામોમાં વાપરવામાં આવે છે.

**લાયન કોરીડોર અને અન્ય વિકાસલક્ષી કામગીરી જેવી કે,**

- પોર્ટેબલ એક્સ–રે મશીન
- સાંભર અને જંગલી ભૂંડ માટે પાણીના પોઈન્ટ (પવનચક્કી સાથે ૨ પોઈન્ટ) બનાવવાની કામગીરી અને તેને રીપેર કરવાની કામગીરી
- ડિજિટલ હેન્ડ–હેલ્ડ (વોકી–ટૉકી)
- મોબાઈલ વાયરલેસ સેટ
- અભયારણ્ય વિસ્તારમાં વોચ ટાવર બનાવવાની કામગીરી
- બેરીયેર અને બેરીકેટ્સ ખરીદવાની કામગીરી
- સાઈનેઝ બોર્ડ બનાવવાની કામગીરી
- અભયારણ્ય વિસ્તારનાં ચોકી માટે સોલાર લાઈટની વ્યવસ્થા
- દવાઓ અને તેને લગત સાધન સામગ્રી ખરીદવાની કામગીરી
- સિંહ બાબતે જનજાગૃતિના કાર્યક્રમો
- ઓફિસના મકાનનું બાંધકામ, ચેકપોસ્ટ અને અન્ય બાંધકામની કામગીરી

# અગ્રતાક્રમાંક.૦૪

શ્રી ભગાભાઈ બારડ (તાલાળા)

**પ્રશ્ન –**

**ઓનલાઇન બુકિંગ પ્રવેશ પરમીટ કેન્સલ કરાવી શકાય છે? જો પરમીટ કેન્સલ કરવામાં આવે તો પ્રવાસીને કેટલી રકમ પરત મળે છે?**

**જવાબ –**

- ગીર અભયારણ્યની મુલાકાત માટે www.girlion.gujarat.gov.in પર ઓનલાઇન બુકિંગ કરાવી શકાય છે.
- ઓનલાઇન બુકિંગ પ્રવેશ પરમીટ કેન્સલ કરવાની સુવિધા છે.
    - **મુલાકાતની તારીખથી ૧૦ દિવસ** પહેલા બુકિંગ કેન્સલ કરાવતા પ્રવેશ ફી ની કુલ રકમના **૭૫% રકમ** પ્રવાસીને પરત ચુકવવામાં આવે છે.
    - **મુલાકાતની તારીખથી ૫ દિવસ પહેલા** બુકિંગ કેન્સલ કરાવતા પ્રવેશ ફી ની કુલ રકમના **૫૦% રકમ** પ્રવાસીને પરત ચુકવવામાં આવે છે.
    - **મુલાકાતની તારીખથી ૨ દિવસ** પહેલા બુકિંગ કેન્સલ કરાવતા પ્રવેશ ફી ની કુલ રકમના **૨૫% રકમ** પ્રવાસીને પરત ચુકવવામાં આવે છે.
    - **ત્યારબાદ કેન્સલ** કરવામાં આવે તો પ્રવાસીને કોઈ **રકમ પરત ચુકવવામાં આવતી નથી.**

## તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૧૭૨૦ ની પૂરક નોંધ

એશિયાઈ સિંહ માટે વિશ્વ વિખ્યાત ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય ગુજરાત રાજયના જુનાગઢ, અમરેલી તથા ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં આવેલ છે. ગીર જંગલને વર્ષ ૧૯૬૫ માં "ગીર વન્યજીવ અભયારણ્ય" તરીકે જાહેર કરવામાં આવેલ. ગીર જંગલના કુલ-૧૪૧૦.૩૦ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં વન્યજીવોના સંરક્ષણ મટે સને ૧૯૬૭ માં વન્યપ્રાણી વિભાગ, સાસણ-ગીર કાર્યરત થયેલ છે. ત્યારબાદ ગીર જંગલના કુલ ૧૪૧૦.૩૦ ચોરસ કિલોમીટરના વિસ્તાર પૈકી ૨૫૮.૭૧ ચોરસ કિલોમીટર વિસ્તારને સને ૧૯૭૫ માં "ગીર રાષ્ટ્રીય ઉદ્યાન" તરીકે જાહેર કરવામાં આવેલ.

ગીર અભયારણ્ય (ગીર જંગલ સફારી) એ મુલાકાતીઓ દ્વારા સૌથી વધુ ઈચ્છિત અને વખણાયેલ વન્યજીવ સ્થળો પૈકીનું એક છે. મુકતપણે વિહરતા એશિયાઈ સિંહો વનસ્પતિ અને વૈવિધ્યથી ભરપુર પ્રાણીસૃષ્ટિ મુલાકાતીઓને આકર્ષક અનુભવ આપે છે. આમ દર વર્ષે દેશ વિદેશથી ઘણા પ્રવાસીઓ ગીર અભયારણ્યની મુલાકાત લે છે.

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ગીર અભયારણ્યની મુલાકત લીધેલ પ્રવાસીઓની સંખ્યા, તે પૈકી ભારતીય પ્રવાસીઓ અને વિદેશી પ્રવાસીઓની સંખ્યા તથા આ પેટે થયેલ આવકની વિગતવાર માહિતી નીચે પ્રમાણે છે.

| વર્ષ | ભારતીય | વિદેશી | કુલ પ્રવાસીઓ | આવક |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | ૧૭૯૭૭૭ | ૩૨૨૫ | ૧૮૩૦૦૨ | ૪૧૧૮૦૭૨૫ |
| ૨૦૨૩ | ૧૮૬૯૧૮ | ૬૪૯૭ | ૧૯૩૪૧૫ | ૪૯૨૦૦૩૫૦ |

ગીર અભાયારણ્ય મુલાકત ફી ની આવક ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટી, જુનાગઢમાં જમા કરવામાં આવે છે. ગુજરાત સરકારશ્રીના ઠરાવ ક્રમાંક:ડબલ્યુએલપી/૧૦૨૦૦૬/એસ.એફ./૧૨/જી૧, તા.૧૨/૦૨/૨૦૦૭ થી ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટીની રચના કરવામાં આવેલ છે. આ સોસાયટી એફ/૨૭૫૨/જુનાગઢ, તા.૧૭/૦૭/૨૦૦૯ થી ટ્રસ્ટ એકટ હેઠળ ગુજરાત/૨૮૦૬/જુનાગઢ, તા,૧૭/૦૪/૨૦૦૭ થી સોસાયટી એકટ હેઠળ રજીસ્ટર થયેલ છે.

...........

**પ્રશ્નઃ-** **ગીર અભયારણ્યની મુલાકાત માટે એક દિવસમાં પ્રવેશ પરમીટ ની સંખ્યા કેટલી છે?**

જવાબઃ-

| ક્રમ | વિગત | વાહન | સામન્ય દિવસોમાં | શનીવાર અને રવિવાર તથા તહેવારના દિવસોમાં |
|---|---|---|---|---|
| ૧. | અભયારણ્ય | જીપ્સી | ૧૫૦ | ૧૮૦ |

**આ ઉપરાંત નાયબ વન સંરક્ષકશ્રી તેઓના કોટાની વધારાની પરમીટ ઈસ્યુ કરી શકે છે. જે સોમવાર થી શુક્રવાર સુધી ૧૫ ની સંખ્યા તથા શનિવાર અને રવિવાર તેમજ તહેવારોના દિવસોમાં ૨૦ ની સંખ્યા હોય છે.**

**પ્રશ્ન:-** **ગીર અભયારણના પ્રવેશના દરો કેટલા છે?**

જવાબ:-

| ક્રમ | વિસ્તાર | વિગત | ભારતીય પ્રવાસી (પ્રવેશ ફી (રૂ.) | | વિદેશી પ્રવાસી (પ્રવેશ ફી (રૂ.) | |
|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય દિવસ | શનિવાર અને રવિવાર તથા તહેવારના દિવસો | સામાન્ય દિવસ | શનિવાર અને રવિવાર તથા તહેવારના દિવસો |
| ૧ | ગીર અભયારણ્ય | ૬ વ્યક્તિ | ૮૦૦ | ૧૦૦૦ | ૫૬૦૦ | ૭૦૦૦ |
| | | વધારાના એક વ્યક્તિના | ૧૦૦ | ૧૨૫ | ૧૪૦૦ | ૧૭૫૦ |

**પ્રશ્ન:-** **ગીર અભયારણની મુલાકાત માટેનો સમય કયો છે અને કેટલા રૂટ છે?**

જવાબ:- ગીર અભયારણ્યની મુલાકાતનો સમય -

| **ક્રમ** | **વિગત** | **સમય (શિયાળાના દિવસો)** | **સમય (ઉનાળાના દિવસો)** |
|---|---|---|---|
| ૧ | પ્રથમ ટ્રીપ | ૬:૪૫ થી ૯:૪૫ | ૬ થી ૯ |
| ૨ | બીજી ટ્રીપ | ૮:૩૦ થી ૧૧:૩૦ | ૮:૩૦ થી ૧૧:૩૦ |
| ૩ | ત્રીજી ટ્રીપ | ૧૫:૦૦ થી ૧૮:૦૦ | ૧૬:૦૦ થી ૧૯:૦૦ |

ગીર અભયારણ્યમાં **કુલ – ૧૩ રૂટ** છે.